# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,ગાંધીનગર.

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અખબારી યાદી જણાવે છે કે તા.૦૩/૦૪/૨૦૨૩, સોમવારના રોજ લેવાનાર ગુજરાત કોમન એન્ટ્રન્સ ટેસ્ટ (ગુજકેટ) – ૨૦૨૩ની પરીક્ષાનું એડમિશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) ફક્ત ઓનલાઈન માધ્યમથી મૂકવામાં આવે છે. જેની ગુજકેટ-૨૦૨૩ ની પરીક્ષાના તમામ ઉમેદવારોએ, વાલીઓએ તથા રાજ્યની વિજ્ઞાન પ્રવાહ ધરાવતી તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ નોંધ લેવા વિનંતી છે.

ગુજકેટ-૨૦૨૩ ની પરીક્ષામાં ઉપસ્થિત થનાર ઉમેદવારોએ પોતાનું એડમિશન કાર્ડ (પ્રવેશિકા) બોર્ડની વેબસાઈટ **gujcet.gsebht.in** અથવા **gsebht.in** અથવા **www.gseb.org** પરથી તા.૨૩/૦૩/૨૦૨૩ થી **Download** કરવાનું રહેશે. જેમાં ઉમેદવારોએ ગુજકેટ-૨૦૨૩ માટે ભરેલ આવેદનપત્રમાં નોંધાયેલ મોબાઈલ નંબર અથવા ઈ-મેઈલ આઈ.ડી અને જન્મ તારીખ અથવા એપ્લીકેશન નંબર દાખલ કરી એડમિશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) ડાઉનલોડ કરી શકાશે. ઉમેદવારો પોતાના નામ પરથી પણ એડમિશન કાર્ડ (પ્રવેશિકા) **Search** કરી, જન્મ તારીખની વિગત ભરીને પણ ડાઉનલોડ કરી શકશે.

આ ઉપરાંત ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ખાતે નોંધાયેલ રાજ્યની વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ પોતાના ઈન્ડેક્ષ નંબર તથા રજીસ્ટર્ડ મોબાઈલ નંબર નો ઉપયોગ કરી લોગ-ઈન થઈ પોતાની શાળાના ગુજકેટ-૨૦૨૩ માટેના ઉમેદવારોના એડમિશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) ડાઉનલોડ કરીને તમામ વિદ્યાર્થીઓને વિતરણ કરી શકશે.

ગુજકેટ-૨૦૨૩ માટેની એડમીશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) ફક્ત ઓનલાઈન માધ્યમથી જ મળશે, જે પરીક્ષાખંડમાં પ્રવેશ માટે માન્ય રહેશે. આ હોલટિકિટ પર શાળાના આચાર્યશ્રીઓના સહી સિક્કો કરાવવાની જરૂર નથી જે ધ્યાને લેશો.

### ઉમેદવારો(પરીક્ષાર્થીઓ) માટે ખાસ નોંધ:-

ગુજકેટ-૨૦૨૩ પરીક્ષાના ઉમેદવારોએ પરીક્ષા દરમિયાન એડમિશન કાર્ડ (પ્રવેશિકા/**Hall Ticket**) સાથે કોઈ પણ એક ફોટો આઈ.ડી પ્રુફ (આધાર કાર્ડ અથવા ડ્રાઈવીંગ લાયસન્સ અથવા ધોરણ-૧૨ની પરીક્ષાની હોલટિકિટ) સાથે લઈ જવાનું રહેશે. જેની ખાસ નોંધ લેવી.

(બી.એમ.સોલંકી)
નાયબ નિયામક (પરીક્ષા)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

તા - ૨૩/૦૩/૨૦૨૩

સ્થળ - ગાંધીનગર.